# ભારતના આર્થિક વિકાસ સાથે શૈક્ષણિક આયોજન

**પ્રો. ચેતના દરજી**
સી.યુ.શાહ કોમર્સ કૉલેજ, અમદાવાદ

## ૧. પ્રસ્તાવના

ભારત દેશ આઝાદ થયો ત્યારથી લઈને ૧૯૯૧ સુધી અલ્પવિકસિત, વિકાસશીલ વગેરે જેવા શબ્દોના પ્રયોગ દુનિયાના દેશો કે જેઓ વિકાસના ઘોડા પર બેઠેલા છે, તેઓ કરતા હતા. ૧૯૯૧ થી ભારત જે આર્થિક સુધારણાના જુદા જુદા કાર્યો હાથ ધર્યા અને દેશને જે આર્થિક વિકાસનો રાહ ચિંધ્યો તે જોતાં દુનિયાના દેશોને ભારત સુપર-પાવર ન થઈ જાય તેની બીક સતાવવા લાગી છે. કહેવાય છે કે, ''કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી.'' આ વાક્યને આપણાં ઉદ્યોગપતિઓએ સાર્થક કરી દેખાડ્યું છે. પરંતુ તેમની સફળતા પાછળ આપણા હોંશિયાર અને બાહોશ આઈ.એ.એસ.અધિકારીઓની દીર્ઘદ્રષ્ટિ કારણભૂત છે. કોઈપણ રાષ્ટ્રની સરકાર એટલે તેનાં ઉચ્ચ કક્ષાના અધિકારીઓ એમ વ્યાખ્યા કરવામાં આવે તો તે વ્યાજબી ગણાય.

આર્થિક વિકાસ દ્વારા ભારતે બીજા દેશો પાસેથી ઉછીની ટેકનોલોજી ખરીદીને તેને આપણાં દેશમાં વિકસાવી આગળ આવવાનો પ્રયત્ન કરેલ અને તેમાં તે ઘણે અંસે સફળ પણ થયો છે. ભારતમાં જે ટેલીકોમ ક્ષેત્રે ક્રાંતિ આવી તેમાં આર્થિક કારણ કરતાં શૈક્ષણિક કારણ વધારે મહત્વનું ગણવામાં આવે છે. સામપિત્રોડા કે જેઓએ આ ક્ષેત્રે તજજ્ઞના વિદેશમાં પ્રાપ્ત કરી અને તે તજજ્ઞતાનો લાભ દેશને આપ્યો. સાથો સાથ ટેલિકૉમ, ઇલેક્ટ્રોનિક્સ, અવકાશ વિજ્ઞાન જેવા શૈક્ષણિક અભ્યાસક્રમોની શરૂઆત પણ કરાવી. કોઈપણ દેશ આર્થિક વિકાસ સાધે તે તો યોગ્ય છે. પણ તેને જાળવી રાખવાનું કામ મહદ્ અંશે શૈક્ષણિક જગત કરતું હોય છે. ભારતમાં સૌ પ્રથમ ટાટા ગ્રુપે માનવ વિકાસ તરફ ધ્યાન આપ્યું અને આજના આર્થિક યુગમાં તે એક ઘણો મહત્વનો વિષય સાબિત થયો છે.

આયોજનની શબ્દથી આપણે સૌ કોઈ વાકેફ છીએ, આયોજન એ દરેક કાર્યની શરૂઆતનું સોપાન છે. આપણા દેશમાં પણ હવે ધીમે-ધીમે લોકોમાં આયોજન અંગેની જાગૃતિ જોવા મળે છે.

શૈક્ષણિક રીતે આયોજન એ દેશની દિશા નક્કી કરે છે. M.B.A., C.A., ડૉક્ટર, વકીલ કે વૈજ્ઞાનિક ? દેશની જરૂરિયાત ભવિષ્યમાં શું હશે ? તેને આધારે શૈક્ષણિક સંસ્થાઓનો વિકાસ કરવો જોઈએ. જુદા-જુદા સંશોધનો, અભ્યાસના તારણોને આધારે ઘણાં દેશોએ ભૂતકાળમાં શિક્ષણ ક્ષેત્રે આયોજન ન કરવાની ભૂલ કરેલ છે. તેને કારણે તેમના વિકાસમાં અવરોધો અને અડચણો ઊભી થયેલ જોવા મળેલ છે. ઉ.દા.ઓસ્ટ્રેલિયામાં છેલ્લા ઘણાં વર્ષોથી સાચા એકાઉન્ટન્ટ મળતાં નથી. જે ભારત જેવા દેશમાંથી તજજ્ઞોને બોલાવે છે. તેની સોમ ચાઈના જે અમેરિકા જેવી મહાસત્તાને પડકારે છે.

શિક્ષણ ક્ષેત્રે આયોજનમાં ચીન કદાચ દુનિયામાં પ્રથમ ક્રમ હશે, તેણે દેશને આવતા વર્ષોમાં કયા ક્ષેત્રમાં કેટલી જરૂરિયાત પડશે ? તેને આધારે બાળકોને તે લાઈનમાં પ્રવેશ અને શિક્ષણનું માળખું તૈયાર કરેલ છે. હાલના આર્થિક વાતાવરણમાં જે ઈલેક્ટ્રોનિક્સ અને વૈજ્ઞાનિક વિકાસમાં આગળ ધપવા માટે ચીનની સરકારે આ ક્ષેત્રે બાળકોને વધુમાં વધુ રૂચિ જન્મે તેવાં અભ્યાસક્રમો શરૂ કરીને અમેરિકા, જાપાન જેવા ટેકનોલોજીવિદ્ રાષ્ટ્રનો હરિફાઈમાં વિશ્વબજારમાં પાછળ પાડી દીધાં છે. આપણો દેશ પણ વિકસિત દેશોએ જે ભૂતકાળમાં ભૂલો કરેલ છે તે ભૂલોને ધ્યાનમાં રાખીને શિક્ષણ ક્ષેત્રે યોગ્ય આયોજન કરે તો ભારત પણ આર્થિક સિદ્ધિની સાથો-સાથ સામાજીક સિદ્ધિ પણ મેળવી શકે તેમ છે.

આયોજનમાં પ્રાથમિક તબક્કો અગત્યનો હોય છે. ભારતના ઘણા રાજ્યો અને તેના નાગરીકો વિવિધ લાક્ષણિકતાઓ અને રૂચિ ધરાવે છે. જુદા જુદા રાજ્યોને ધ્યાનમાં રાખીને યોગ્ય આયોજન કરવામાં આવે તો તમામ રાજ્યોનો સમાંતર વિકાસ શક્ય બનશે અને માનવ ઘસારો જે આંતર રાજ્યોમાં જોવા મળે છે તેમાં પણ ઘટાડો લાવવો શક્ય બનશે !

સુપર-પાવરની પરિભાષા ઘણી જટીલ છે. પરંતુ આપણે આપણો વિકાસ કઈ રીતે કરવો અને દુનિયાના અન્ય દેશો પર આપણી આગવી છાપ કઈ રીતે ઊભી કરવી તેને કદાચ આપણે સુપર-પાવર કહી શકીએ. ભારતમાં ઘણાં ઉદ્યોગો એવા છે કે જે ભારતના આર્થિક વિકાસમાં કરોડરજ્જુનું કામ કરે છે. પરંતુ ટેકનોલોજી અને માનવ સંશોધનની દ્દષ્ટિએ અન્ય દેશો પર આધારિત છે. ભારતમાં શિક્ષણની રૂચિના પ્રમાણનો દર લોકોમાં ઊંચો છે. તેથી તો બહારની યુનિવર્સિટીઓએ ભારતમાં આવવાનું શરૂ કરેલછે. પરંતુ તેમાં પણ ચીલા-ચાલુ કોર્ષ ભણાવવામાં આવે છે. તેમાં ઉદ્યોગો પણ ભાગીદાર બને તે જરૂરી છે. જેથી આવતા વર્ષોમાં ઉદ્યોગોને કયા ક્ષેત્રમાં કેવા તજજ્ઞોની જરૂર પડશે. તેનું આયોજન કરી તે ક્ષેત્રને વિકસાવવાનો પ્રયત્ન બન્ને એ કરવો જોઈએ ભારતને જો આરઅથિક સુપર-પાવર સાથે આગળ આવવું હોય તો તેમે શિક્ષણક્ષેત્રે યોગ્ય આયોજન કરવું પડશે.

આઝાદી પૂર્વેના દિવસોમાં ભારતમાં ઘણાં સ્વપ્નસેવીઓ હતા, સમર્થ અને આધુનિક ભારત વિશે વિચારતા ઘણાં સક્ષમ પુરુષો અને મહિલાઓ તે પૈકીના ઘણાં લોકોએ રાજકીય, આર્થિક, ઔદ્યોગિક, શૈક્ષણિક, સાહિત્યિક, વૈજ્ઞાનિક, ઈજનેરી તથા ધાર્મિક જેવાં વિવિધ ક્ષેત્રોમાં પહેલ કરેલી. તેમણે તેમના કાર્યો દ્વારા ભારતને સમૃદ્ધ કર્યુ અને આઝાદીની આપણી ચળવળના વિવિધ આયોમોનું પ્રતિબિંબ પાડ્યું. આઝાદ ભારત આ વારસાથી સમૃદ્ધ બન્યું હતું અને તેમાં એ હકીકતનો ઉમેરો થયેલો હતો કે ભારત પાસે ઘણાં દેશોના મુકાબલે વધુ સમૃદ્ધ, કુદરતી સંસાધનો હતા. આઝાદી પછી ભારતે ઘણાં ક્ષેત્રમાં એક સારો વિકાસ સાધ્યો. કૃષિ, આરોગ્ય, શિક્ષણ, આંતરમાળખું, વિજ્ઞાન તથા ટેકોલોનોજીનો તેમાં સમાવેશ થાય છે.

**સંદર્ભગ્રંથો**

1. A special report on India (2009). Ruled by Lakshmi". The Economist. 11th December 2008. Retrieved 12th July.

2. Agriculture sector Indo British Partnership network, Retrieved on December 2007
3. Chatterjee, P. (2007). Child malnutrition rises in India despite economic boom. The Lancet, 369, No. 9571, pp. 1417–1418.
4. Economic survey of India (2007). Policy Brief. OECD.
5. India Country Overview (2008). World Bank
6. Lester, R. (2008). Brown World's Rangelands Deteriorating Under Mounting Pressure Earth Policy Institute.
7. Novotny, J., Ramachandran, N. (2010). Alternative to jobless growth? All-India context and a case of participatory development scheme from rural Tamil Nadu. Geografie, 115, 3, 330-346.